નિયામકશ્રી (આઈસીડીએસ)ને ખાતાના વડા
તરીકે જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ક્રમાંક: મકમ-૧૦૨૦૧૮-૩૭૯-ક
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૬-૦૪-૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૧/૧૨/૨૦૦૧નું જાહેરનામાં ક્રમાંક: ગરા/૨૦૦૧/૪૦/સકન/૨૦૦૧(૨)-કેયુ.

ઠરાવ:-

વંચાણે લીધેલ ક્રમ(૧)ના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૧/૧૨/૨૦૦૧ના જાહેરનામાંથી મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરવામાં આવેલ છે વિભાગના તાબા હેઠળ. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરી કાર્યરત છે. આ કચેરીની વહીવટી અને સુચારૂ કામગીરીના હેતુ માટે કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરીના નિયામકશ્રી (આઈસીડીએસ)ને ખાતાના વડા જાહેર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે કમિશ્નર, મહિલા અને બાળ વિકાસ(આઈસીડીએસ)ની કચેરી, ગાંધીનગરના "નિયામકશ્રી(આઈસીડીએસ)ને ખાતાના વડા" તરીકે જાહેર કરવામાં આવે છે.

આ હુકમો નાણાકીય સત્તા (સોંપણી) નિયમો ૧૯૯૮ના નિયમ-૮ હેઠળ મળેલ સત્તાની રૂએ આ વિભાગના સચિવશ્રીની તા.૨૬/૦૪/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(મબાક)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(મબાક)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, પોલિટેકનીક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ.